# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૩ તા.૦૭-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- યુટયુબ માધ્યમ દ્વારા GIET ના પ્રસારિત થતા કાર્યક્રમોનો પ્રચાર-પ્રસાર કરવા બાબત.
સદર્ભ :- ક્રમાંક જી.આઈ.ઈ.ટી.નિયામક/૨૦૨૧/૬૪-૧૦૪ તા.૨૩-૦૯-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન(GIET) ૧૯૮૪થી કેન્દ્ર સરકારના સી.આઇ.ઇ.ટી.પ્રોજેકટ અંતર્ગત ગુજરાતમાં સ્થપાયેલી સંસ્થા છે. યુટયુબ જેવા માધ્યમ દ્વારા GIET ના પ્રસારિત થતા કાર્યક્રમોનો પ્રચાર-પ્રસાર કરવા સ્વૈચ્છિક અને ઉત્સાહી શિક્ષક મિત્રોનું ગ્રુપ તૈયાર થાય કે જે (GIET) નોડલ તરીકે કામ કરે અને જી.આઇ.ઇ.ટી. દ્વારા મોકલવામાં આવતા કાર્યક્રમોને વિગતવાર દરેક શિક્ષકો સુધી પહોંચે તે માટે ચાર 'વિદ્યા વાહક' ની નિમણૂંક કરેલ છે, જે બાળકો સુધી આપના માધ્યમથી પહોંચાડશે.

'વિદ્યા વાહક'

| ક્રમ | યુઆરસીનું નામ | વિદ્યા વાહકનું નામ | શાળાનું નામ | વોટસ-અપ નંબર | ઈ.મેઈલ એડ્રેસ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉત્તર | પૂવેશભાઈ પંચાલ | નોબલનગર શા.૩ | ૭૯૯૦૮૪૧૭૦૬ | panchalp255@gmail.com |
| ૨ | દક્ષિણ | હેમંતભાઈ પંચાલ | ઈસનપુર પબ્લિક સ્કૂલ | ૭૫૬૭૮૫૩૦૦૬ | vaishwika@gmail.com |
| ૩ | પૂર્વ | વિરલભાઈ ગજ્જર | સી.આર.સી. કો.ઓ. | ૯૦૯૯૯૯૩૭૪૪ | crcnikolroad34@gmail.com |
| ૪ | પશ્ચિમ | કેતનભાઈ ઠાકોર | સાબરમતી શા.૭ | ૮૪૦૧૯૬૪૦૭૦ | thakorhk@gmail.com |

GIET પોતાના પાસે પડેલા કેટલાક વિષયવસ્તુ આધારીત કાર્યક્રમોને કોર્ષ સ્વરૂપે દીક્ષા પોર્ટલ પર મુકવા જઈ રહી છે. તો આપની શાળાના તમામ શિક્ષકોને આ કોર્ષમાં જોડાવવા માટે પણ આપ કહી શકો છો અને GIET ના કાર્યમાં મદદરૂપ થઈ શકો.

ગુજરાત રાજયમાં સેંકડો શિક્ષકો છે. જેઓ નવા નવા પ્રયોગો શિક્ષણમાં કરી રહયા છે. એવા પ્રયોગશીલ શિક્ષકોને પણ GIET સાથે જોડવા માટે આવકારે છે. જેથી એક જગ્યાએ અજમાવેલી ઉત્તમ પદ્ધતિબીજા લોકો સુંધી પહોંચાડી શકાય અને પ્રયોગશીલ શિક્ષકોને રાજયવ્યાપી પ્લેટફોર્મ મળશે.

શાળામાં વિશિષ્ઠ પ્રતિભા ધરાવતા હોય તેવા અસંખ્ય બાળકોને પણ GIET રાજય વ્યાપી પ્લેટફોર્મ પુરૂ પાડવા ઈચ્છે છે. તો GIET દ્વારા મુકવામાં આવેલ કાર્યક્રમોનો ઉપયોગ કરવા અપીલ કરે છે. જે બાળકો સુધી પહોંચે તેવા પ્રયત્નો કરશો.

શાળાના તમામ શિક્ષકોને જાણ કરશો અને GIET ની યુટયુબ ચેનલ સબસ્ક્રાઈબ કરવા માટે બાળકો અને વાલીઓને જણાવશો.

તા.૦૭-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૩ - A તા.૦૭-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-'ઈન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પીટીશન' ના આયોજન બાબત

સંદર્ભ :-એસએસએ/કયુઈએમ/બેન્ડ કોમ્પી/૨૦૨૧/૩૪૨૪૭-૩૨૧ તા.૦૬-૧૦-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ એમએચઆરડી, ન્યુ દિલ્હી દ્વારા 'ઈન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પીટીશન' શરૂ કરવામાં આવેલ છે. ઈન્ટર સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબ જે શાળા 'ઈન્ટર સ્કૂલ બેન્ડ કોમ્પીટીશનમાં ભાગ લેવા માગતી હોય તેમણે શાળા મારફતે સ્પર્ધામાં ભાગ લેવાનું રજીસ્ટ્રેશન / એન્ટ્રી તા.૧૦-૧૦-૨૦૨૧ સુધીમાં યુ.આર.સી. કો.ઓ.શ્રીને મોકલી આપવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૭-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ ઓફીસ,**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**ફોન નંબર : (૦૭૯) ૨૩૨૩૪૯૩૯**
**ઈમેલ : ssamstatett@gmail.com**

---

**ક્રમાંક : એસએસએ/કયુઈએમ/બેન્ડ કોમ્પી/૨૧/** ૩૪૨૪૭-૩૨૨ **તા.** ૬**.૧૦.૨૦૨૧**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધકારીશ્રીની કચેરી**
**જિલ્લા : તમામ**

**વિષય : " ઈન્ટર સ્કુલ બેન્ડ કોમ્પીટીશન " ના આયોજન અંગે.**
**સંદર્ભ : (૧) એડી.ચીફ સેક્રેટરી, Home & IMD Deptt., ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૪.૧૦.૨૧ નો પત્ર**
**(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી અન્વયે**

**શ્રીમાન,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, MHRD, ન્યુ દિલ્હી ધ્વારા વર્ષ ૨૦૧૭ થી "ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધા" શરૂ કરવામાં આવી છે. જે અન્વયે વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯ માં સમગ્ર શિક્ષાના વર્ષમાં મંજૂર થયેલ જોગવાઈ અનુસાર આ સ્પર્ધા આયોજન કરવામાં આવેલ હતી તથા વર્ષ ૨૦૧૯ માં ન્યુ દિલ્લીથી મળેલ સુચના અન્વયે ઝોન કક્ષાની ઈન્ટર બેન્ડ સ્પર્ધાનું આયોજન ગુજરાતને સોંપેલ હતુ.જે પણ સફળતાપૂર્વક કરેલ.

વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૧૯ માં "ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધા" માટે શાળાના આચાર્ય મારફતે સ્પર્ધામાં ભાગ લેવાનું રજીસ્ટ્રેશન/એન્ટ્રી સીધેસીધી રાજય કક્ષાએ ઈમેઈલથી મંગાવેલ હતી.

વર્ષ ૨૦૧૯–૨૦ અને વર્ષ ૨૦૨૦–૨૧ માં કોરોનાની મહામારીને લીધે "ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધા" યોજવામાં આવેલ નથી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે દર વર્ષે તા.૩૧ ઓકટોબરએ " રાષ્ટ્રીય એકતા દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આ વર્ષે નકકી થયા મુજબ સ્કુલ બેન્ડ(કુમાર અને કન્યા)ની પસંદગી ઓપન પ્રોસેસથી સ્પર્ધાથી કરીને તેમને તા.૩૧ ઓકટોબરે ભાગ લેવા માટેનું આયોજન કરવા **માન.એડી.ચીફ સેક્રેટરી, ગૃહ વિભાગ સચિવાલય,ગાંધીનગરના તા.૪.૧૦.૨૧ના પત્રથી સુચના મળેલ છે.**

ઉકત બાબતે માન. શિક્ષણ સચિવશ્રી ધ્વારા તા. ૩૧ ઓકટોબરના રોજ યોજાનાર "રાષ્ટ્રીય એકતા દિવસ" કાર્યક્રમમાં, રાજય કક્ષાની બેન્ડ સ્પર્ધાના પ્રથમ ક્રમે વિજેતા થનાર ૧ કુમાર અને ૧ કન્યાની ટીમનું પરર્ફોમન્સ કરાવવાનું સંભવિત આયોજન કરવા સૂચના આપેલ છે.

ઉકત બાબતોની અગત્યતાને ધ્યાને લેતાં, ચાલુ વર્ષે ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન નીચે મુજબ કરવાનું થાય છે.

"ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધા" નું આયોજન ઝોન કક્ષાએ કરવાનું થાય છે. જે માટે નકકી કરેલ ઝોન અને તેમાં સમાવિષ્ટ જિલ્લા નીચે મુજબ છે.

**ઝોન કક્ષાએ યોજાનાર સ્પર્ધાની વિગતો**

| ક્રમ | ઝોન | ઝોન કક્ષાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સમાવેશ જિલ્લાઓ | ઝોન કક્ષાની સ્પર્ધા માટેની સંભવિત તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર | સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, બનાસંકાઠા, મહેસાણા, પાટણ, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય (૮) | તા.૧૬.૧૦.૨૧ |
| ૨ | મધ્ય | વડોદરા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | વડોદરા, ખેડા, આણંદ, મહીસાગર, છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ (૭) | |
| ૩ | દક્ષિણ | સુરત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સુરત, ભરૂચ, નર્મદા, વલસાડ, નવસારી, ડાંગ, તાપી (૭) | |
| ૪ | પશ્ચિમ | જુનાગઢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | રાજકોટ, જુનાગઢ ,પોરબંદર, જામનગર, દેવભુમિ ધ્વારકા, ગીર સોમનાથ, (૬) | |
| ૫ | પશ્ચિમ – દક્ષિણ | બોટાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | બોટાદ, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ(૬) | |

ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આવનાર કુમાર અને કન્યાની ટીમમાં ટીમ દીઠ મહત્તમ ૨૭ સભ્યો (૨૪ સ્પર્ધકો + ૧ બેન્ડ લીડર/એજન્ટ + ૨ સાથીઓ જેમાં એક એસ્કોર્ટ શિક્ષક , એક બેન્ડ માસ્ટર એમ કુલ ૨૭ સભ્યો હોય છે. તેને ધ્યાને લેતાં, ઝોન કક્ષાની સ્પર્ધા માટે નીચે મુજબની વિગતો ખર્ચ કરવાના થાય.

(૧) સ્ટેજ સુશોભન, બેનર, માઈક, બેન્ડ, જરૂરી સાધન–સામગ્રી, સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમને પ્રમાણપત્ર તથા બન્ને કેટેગરીમાં પ્રથમ ક્રમુ આવનાર ટીમને પ્રમાણપત્ર અને શીલ્ડ.

(૨) સ્પર્ધાના દિવસે સવારે નાસ્તો, બપોરનું ભોજન

(૩) સફાઈ, પાણી, વ્યવસ્થા, ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી

(૩) નિર્ણાયક/જયુરીનું રોકડ પુરસ્કાર/માનદવેતન

(૪) સ્પર્ધામાં સરકારી શાળાના ભાગ લેનાર ટીમના સભ્યને આવવા–જવાનું નિયમાનુસારનું ભાડુ (જે જિલ્લાની ટીમ હોય, તે જિલ્લા ધ્વારા)

(૫) સ્પર્ધા માટે અન્ય આનુસાંગિક ખર્ચ

ઝોન કક્ષાની સ્પર્ધાના સુચારુ આયોજન અંગે ઝોન કક્ષાના જિલ્લામાં ભાગ લેનાર આવનાર ૧૦ ટીમ સુધી ૫૦ હજાર, ૨૦ ટીમ સુધી ૧ લાખ અને ૩૦ ટીમ સુધી ૧.૫ લાખની ગ્રાન્ટ ડીપીસી કક્ષાએથી ફાળવવામાં આવશે. જે અંગેનો ખર્ચ તે જિલ્લાના સમગ્ર શિક્ષાના બજેટ હેડ ૭૪.૦૬ ટેલેન્ટ સર્ચ એટ સ્કુલ લેવલ સદરે ઉધારવાનો રહેશે.

ઝોન કક્ષાની ઈન્ટર સ્કુલ બેન્ડ કોમ્પીટીશન માટે આ સાથે સામેલ એનેક્ષરમાં દર્શાવેલ માર્ગદર્શક સુચનાઓ મોકલી આપવામાં આવે છે. જે જિલ્લાઓ મારફતે શાળાઓને મોકલીને શાળાઓ પાસેથી નિયત પત્રકમાં એન્ટ્રી જિલ્લાના નિયત ઈમેઈલ પર મંગાવીને તે આધારે બેન્ડ કોમ્પીટીશનનું આયોજન કરવા જણાવવામાં આવે છે. આ સ્પર્ધામાં કેજીબીવીને સામેલ કરવાની હોય તેને પણ જાણ કરવાની રહેશે.

ઝોન કક્ષાની ઈન્ટર સ્કુલ બેન્ડ કોમ્પીટીશનનું સમગ્ર આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાનું રહેશે તથા તે માટે નોડલ ઓફિસરની નિમણુંક કરી તેમનું નામ મોબાઈલ નંબર સાથે ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા તથા અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે.

વધુમાં અત્રે ખાસ જણાવવાનું કે સ્પર્ધાનો સમયગાળો નજીકના સમયમાં હોઈ સ્પર્ધાનું સંભવિત સ્થળ પણ નકકી કરી રાખવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ : સ્પર્ધાના આયોજન અંતર્ગત તમામ સ્તરે કોવિડ–૧૯ ની SOP નું પાલન ફરજીયાત કરવાનું રહેશે.**

**બિડાણ :(૧) માર્ગદર્શિકા**
**(૨) એનેક્ષર –૧ અને ૨**

**સચિવ અને ઓઆઈસી કયુઈએમ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા,**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- માન.શિક્ષણ સચિવશ્રી, પ્રા.શિ., શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. એસપીડીશ્રી, સદર કચેરી

**નકલ રવાના જાણ તથા સંબંધિતોને સુચના આપવા સારૂ :**

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા આનુસાંગિક કાર્યવાહી સારુ :**

(૧) જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.
(૨) એડી.જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા,
કોર્પોરેશન. : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

## માર્ગદર્શક સુચનાઓ

**(૧) ઝોનકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધાના આયોજન માટેની તારીખ :**

ઝોન કક્ષાની સ્પર્ધાની સંભંવિત તારીખ : ૧૬/૧૦/૨૦૨૧, શનિવાર

રાજય કક્ષાની સ્પર્ધાની સંભવિત તારીખ : ૨૨/૧૦/૨૦૨૧,શુક્રવાર

**(૨) સ્પર્ધાની વિગત :**

- છોકરા અને છોકરીઓ માટે અલગ સ્પર્ધા યોજાશે
- ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ટીમો પૈકી પ્રથમ અને બીજા ક્રમે વિજેતા ૪ બેસ્ટ ટીમો જેમાં ૨ કુમાર અને ૨ કન્યાની ટીમ રાજય કક્ષાથી સ્પર્ધામાં ભાગ લેશે.
- રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન રાજય કક્ષાએથી થશે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે ૩૧ ઓકટોબરના રોજ યોજાનાર "રાષ્ટ્રીય એકતા દિવસ" કાર્યક્રમમાં, રાજય કક્ષાની બેન્ડ સ્પર્ધાના પ્રથમ ક્રમે વિજેતા થનાર ૧ કુમાર અને ૧ કન્યાની ટીમનું પરર્ફોમન્સ કરાવવાનું સંભવિત આયોજન છે.

**(૩) રજીસ્ટ્રેશન :**

(૧) ઝોન કક્ષાની સ્પર્ધામાં રજીસ્ટ્રેશન (નોંધણી) માટે જે તે શાળાના આચાર્યો પાસેથી પોતાના જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના ઈમેઈલ પર એનેક્ષર(૧) મુજબના ફોર્મ ભરીને તા.૧૨.૧૦.૨૧ સુધીમાં મંગાવીને, તેની ચકાસણી ગાઈડલાઈનની વિગતો આધારે કરીને, માન્ય એન્ટ્રીઓ ઝોનકક્ષાના જિલ્લાને તા. ૧૩.૧૦.૨૧ ના રોજ ઈમેઈલથી મોકલાવવી અને સ્પર્ધામાં ભાગ લેનાર ટીમની શાળાને જાણ કરવી.

(૨) ઉકત એન્ટ્રીના એનેક્ષર (૧) ની સાથે એનેક્ષર (૨) પણ મોકલવું જેમાં બેન્ડ કોમ્પીટીશનમાં ભાગ લેનાર સહભાગીઓ અને એસ્કોર્ટની વિગતોની યાદી મંગાવવી. જેમાં સહભાગીઓના નામ વિસ્તૃત એટલે કે પુરેપુરા લખવા.

(૩) આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તમામ પ્રકારની માધ્યમિક શાળાઓને જાણ કરવી.

(૪) સમયમર્યાદામાં આવેલ એન્ટ્રીની ચકાસણી કરીને માન્ય એન્ટ્રીની શાળાઓને જાણ કરવી.

**(૪) વિજેતાઓની એન્ટ્રી :**

**રાજય કક્ષાની સ્પર્ધા :**

ઝોનકક્ષાની સ્પર્ધાના વિજેતાઓની યાદી ઝોનકક્ષાની સ્પર્ધામાં પ્રથમ અને બીજા ક્રમે વિજેતા – ૪ ટીમ( ૨ કુમાર અને ૨ કન્યા) રાજયકક્ષાએ મોકલવી.

**(૫) ઝોન અને રાજયકક્ષાની બેન્ડ કોમ્પીટીશન માટેની પાત્રતા :**

બધા પ્રકારની શાળાઓ માટે સ્પર્ધા ખુલ્લી રહેશે.

કોઈ વ્યવસાયિક જૂથ/કલાકારોને બેન્ડ જુથોની કંપનીની મંજુરી આપવામાં આવશે નહી.

**(૬) ટીમના સભ્યો :**

ટીમમાં ૨૭ થી વધુ નહી તેવા સભ્યોની સાથે સહભાગીઓ રહેશે. જેમાં–(૧ બેન્ડ લીડર/મેજર અને ૨૪ બેન્ડ સભ્યો/બેન્ડ લીડર/વિદ્યાર્થીઓ)અને ૨ સાથીઓ જેમાં એક એસ્કોર્ટ શિક્ષક અને એક બેન્ડ માસ્તર)

**બેન્ડ ગૃપ :**
(૧) બેન્ડ જુથમાં પાઈપ બેન્ડ અને ડ્રમ બેન્ડ અથવા કોઈપણ સ્થાનિક બેન્ડ હોવું જોઈએ.
(૨) બેન્ડની સુચિત યાદી નીચે મુજબ છે.
(૧) પાઈપ–૧૨ (૨) સાઈડ ડ્રમ્સ–૮ (૩) ટેનર ડ્રમ–૨ (૪) બાસ ડ્રમ્સ–૧ (૫) સાયમ્બલ–૧
(૬) કંડકટર(લીડર સ્ટીક)–૧ (૭) અને અન્ય સ્થાનિક બેન્ડસ માટે સમાન ગોઠવણી અનુસરવી

**(૭) થીમ :**
બેન્ડની થીમ દેશ ભકિતના હોવા જોઈએ.

**(૮) ટયુન :**
દેશ ભકિતના ગીતો , શાસ્ત્રીય ધુન, લોક ધુન વગેરે પર આધારિત કોઈપણ ધુન
બેન્ડ પ્રદર્શન માટે રાષ્ટ્રીય ગીત – ધ્વનિની મંજુરી નથી.

**(૯) બેનરો અને અન્ય ડોકયુમેન્ટ :**
બેન્ડ જુથોએ સ્પર્ધા દરમ્યાન કોઈપણ બેનરો, છરી, ખોખરી અથવા ફલેગનો ઉપયોગ કરવો નહી.

**(૧૦) બેન્ડ કોસ્ચ્યુમ :**
પ્રદર્શન માટે બેન્ડ કોસ્ચ્યુમ પહેરવું ફરજીયાત છે.

**(૧૧) સમયમર્યાદા :**
પ્રદર્શન માટે મહત્તમ સમયમર્યાદા દરેક ટીમ માટે ૭ મિનીટ રહેશે.

**(૧૨) નિર્ણાયક/જુરી :**
**ઝોન કક્ષા :**
ઝોનકક્ષાની સ્પર્ધામાં ઝોનકક્ષાની સ્પર્ધા આયોજિત જિલ્લાએ સ્વતંત્ર નિર્ણાયક ટીમ/જુરી જેમાં રાજય સશસ્ત્ર દળો, સીએપીએફ અધિકારીઓને સામેલ કરવા.

ઝોનકક્ષાની સ્પર્ધામાં નિણાયક ટીમ/જુરીનો નિર્ણય ખાસ કરીને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી મુકત હોવો જોઈએ. અને ખાસ કરીને હોસ્ટીગ જિલ્લા તરફેણમાં નિર્ણય વિશે વાંધા ઉભો કરવા ભાગ લીધેલ જિલ્લા/જુરીને કોઈ તક આપવી જોઈએ નહી.

**રાજય સ્તરે :**
રાજય સ્તરની સ્પર્ધા માટે રાજયએ એન્ટ્રીને ન્યાય માટે સશસ્ત્ર દળો, કેપીએફ, રાજય સશસ્ત્ર પોલીસ વગેરે અધિકારીઓની સ્વતંત્ર નિર્ણાયક ટીમની વ્યવસ્થા કરવી.

સ્પર્ધાના તમામ સ્તરે તટસ્થ અને મેરીટ આધારિત નિર્ણયને નિશ્ચિત કરવા માટે યોગ્યતાના ઉચ્ચ ધોરણે જાળવવામાં આવે.

**(૧૩) પ્રદર્શન દરમ્યાન જુદી જુદી વસ્તુઓ જોવી(નિર્ણાયક ટીમ/જરૂરી સભ્યો ધ્વારા) :**
પ્રદર્શન દરમ્યાન જુદી જુદી વસ્તુઓ નિર્ણાયક ટીમ/જુરીના સભ્યો ધ્વારા જોવામાં આવશે.
(૧) બેન્ડ માસ્ટર / મેજર અને કન્ટીજન્ટન્ટ (બેન્ડ જુથના સભ્યો)
(બોડી લેંગ્વેજ, કોસ્ચ્યુમ, યુનિફોર્મ, હેર સ્ટાઈલ, બેન્ડ ઈન્સ્ટમેન્ટનું સુશોભન)
(૨) લય, સંગીત અને મુવમેન્ટ(ચળવળ)વગાડવા
(૩) સ્ટેમ્પીગ એન્ડ હેન્ડ સ્વીગ ધ્વારા માર્ચ
(૪) સ્ટેમ્પીગ એન્ડ હેન્ડ સ્વીગ ધ્વારા પાછળ એન્ટ્રી
(૫) પ્રદર્શન ક્ષેત્રમાં સ્ટેમ્પીગની ચોકસાઈ
(૬) રચનાઓ (૭) પ્રસ્તુતિ (૮) સમયમર્યાદા

**(૧૪) મૂલ્યાંકન અને માપદંડ :**

રાજય સ્તરની સ્પર્ધામાં નીચે મુજબના માપદંડો આધારે મુલ્યાંકન કરવામાં આવશે.

**માર્કીંગ :**

| ક્રમ નંબર | વિગત | માકર્સ/ ગુણ |
|---|---|---|
| ૧ | પહેરવેશ અને સાધનો(ઈન્સ્ટુમેન્ટ) | ૧૫ ગુણ |
| ૨ | (એ) ઝડપી માર્ચ–૧૫ ગુણ<br>(બી) ધીમી માર્ચ– ૫ ગુણ<br>એ + બી = ૨૦ ગુણ | ૨૦ ગુણ |
| ૩ | રચનાઓ / બનાવટ | ૨૦ ગુણ |
| ૪ | રમતના ધોરણો (ધૂન ગુણવત્તા) | ૨૦ ગુણ |
| ૫ | પ્રસ્તુતિ(પ્રેઝન્ટેશન) | ૧૫ ગુણ |
| ૬ | પ્રદર્શનની સમયસર પૂર્ણતા | ૧૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

**(૧૫) એવોર્ડ/પુરસ્કાર :**

**ઝોનકક્ષા :**

ઝોનકક્ષા સ્પર્ધામાં પ્રથમ ક્રમ વિજેતા ટીમો, છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાંથી દરેકને, પ્રમાણપત્ર અને શીલ્ડ આપવુ તથા ભાગ લેનાર ટીમને પ્રમાણપત્ર આપવું.

જે તે સ્તરની સ્પર્ધા માટે નકકી થયેલ એવોર્ડ/પુરસ્કાર શાળા/ટીમને આપવામાં આવશે. વ્યકિતગત આપવામાં આવશે નહી.

**રાજયકક્ષા :**

રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા ટીમો, છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાંથી દરેકને, પ્રમાણપત્ર અને શીલ્ડ આપવુ તથા ભાગ લેનાર ટીમને પ્રમાણપત્ર આપવું.

જે તે સ્તરની સ્પર્ધા માટે નકકી થયેલ એવોર્ડ/પુરસ્કાર શાળા/ટીમને આપવામાં આવશે. વ્યકિતગત આપવામાં આવશે નહી.

**(૧૬) સમયમર્યાદા :**

ઝોનકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધાના આયોજન અને સંકલન માટેનું સમય પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | પ્રવૃત્તિ | તારીખ |
|---|---|---|
| ૧ | ઝોનકક્ષાની બેન્ડ કોમ્પીટીશન માટેની જિલ્લાકક્ષાએ એન્ટ્રી મોકલવાની તારીખ | તા.૧૨.૧૦.૨૧ |
| ૧ | જિલ્લાકક્ષાએ આવેલ એન્ટ્રીની ચકાસણીને આધારે માન્ટ એન્ટ્રી ઝોનકક્ષાના જિલ્લાને મોકલવાની તારીખ | તા.૧૩.૧૦.૨૧ |
| ૨ | ઝોનકક્ષાએ સ્પર્ધા પૂર્ણ કરવા તથા ઝોનકક્ષાના વિજેતાઓની યાદી રાજયકક્ષાએ મોકલવા અને | તા.૧૬.૧૦.૨૧ |
| ૩ | રાજયકક્ષાની સ્પર્ધા યોજવા ઝોનકક્ષાની પ્રથમ વિજેતા ૧ કુમાર અને ૧ કન્યાની વિજેતાઓની યાદી રાજયકક્ષાએ મોકલવી | તા.૧૮.૧૦.૨૧ |
| ૪ | રાજયકક્ષાની સ્પર્ધા | તા.૨૨.૧૦.૨૧ |

# Annexure – I

## Registration Form for Inter School Band Competition

1. Name of School : ..........................................................................

2. School Category
   (Govt./Private aided/Private/other) : ..........................................................................

3. Address of School : ..........................................................................

   ..........................................................................................................................................

   ..........................................................................................................................................

4. Telephone No. : ..........................................................................

5. Name of Principal and
   Telephone Number : ..........................................................................

6. Name of Escort / Teacher : ..........................................................................

7. Number of Participants
   (List attached) : ..........................................................................

8. Category (Boys / Girls) : ..........................................................................

**(Signature of Principal)**

## Annexure-II

**Name of the School** - **1) --------------------------**

**School Category**
**(Govt./Private aided/Private/other)** **2) ---------------------------**

**Name of Escort / Teacher & Telephone No.** **3) ---------------------------**

**List of participants:-**

| Sl. No. | Name of the Participants | Male/Female |
|---|---|---|
| 1. | | |
| 2. | | |
| 3. | | |
| 4. | | |
| 5. | | |
| 6. | | |
| 7. | | |
| 8. | | |
| 9. | | |
| 10. | | |
| 11. | | |
| 12. | | |
| 13. | | |
| 14. | | |
| 15. | | |
| 16. | | |
| 17. | | |
| 18. | | |
| 19. | | |
| 20. | | |
| 21 | | |
| 22 | | |
| 23 | | |
| 24 | | |
| 25 | | |

**(Signature of Principal)**